ઈ-લાઈબ્રેરી ,78 લોકો માટે વાંચન વ્યવસ્થા અને બાળકો માટે પ્લે એરિયા સહિતની સુવિધાઓ મળશે

માંજલપુરમાં લાઈબ્રેરી માટે રૂ.2.42 કરોડનો સુવિધાસભર પ્રોજેક્ટ તૈયાર

(પ્રતિનિધિ) વડોદરા તા.5

પાલિકાના કોર્પોરેટર અને દંડક શૈલેષ પાટીલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે શહેરમાં વિદ્યાર્થીઓ અને વાચકોને આધુનિક વાંચન સુવિધા મળે તે માટે આ લાઈબ્રેરી પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. ઈ-લાઈબ્રેરી સહિતની આધુનિક સુવિધાઓ સાથેનું આ કેન્દ્ર વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં પણ ઉપયોગી સાબિત થશે. આગામી સમયમાં લાઈબ્રેરીને જ્ઞાન અને અભ્યાસ માટેનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવવા પ્રયત્ન કરવામાં આવશે.

પ્રોજેક્ટ મુજબ લાઈબ્રેરી માટે કુલ 1192.1 ચો.મી. વિસ્તારના પ્લોટ પર આશરે 593.7 ચો.મી. વિસ્તારનું બિલ્ડિંગ બનાવવાનું આયોજન છે. બિલ્ડિંગનું માપ 27.4 મીટર x 21.7 મીટર રહેશે. લાઈબ્રેરીમાં 78 લોકો માટે જનરલ વાંચન બેઠક વ્યવસ્થા, 30 લોકો માટે ઈ-લાઈબ્રેરી વિભાગ તેમજ 16 લોકો માટે મેગેઝિન અને ન્યૂઝપેપર વાંચન માટે અલગ જગ્યા બનાવવામાં આવશે આ ઉપરાંત લાઈબ્રેરીમાં ઓફિસ વિસ્તાર, ટોયલેટ સુવિધા, ખુલ્લું સેન્ટ્રલ કોર્ટયાર્ડ, ગાર્ડન વિસ્તાર તેમજ બાળકો માટે પ્લે એરિયા જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વાચકો માટે બહાર ખુલ્લી જગ્યા પર વાંચન અને અન્ય પ્રવૃત્તિઓ માટે આઉટડોર સીટિંગ એરિયા પણ બનાવવામાં આવશે. સાથે સાથે બે-ચક્રી વાહનો માટે 30 પાર્કિંગ અને ચાર-ચક્રી વાહનો માટે 3 પાર્કિંગની સુવિધા રહેશે.

પ્રોજેક્ટના ખર્ચ મુજબ સિવિલ વર્ક માટે રૂ.1.33 કરોડ, પ્લમ્બિંગ માટે રૂ.6.44 લાખ, સાઈટ ડેવલપમેન્ટ માટે રૂ.3.69 લાખ, રોડ ડેવલપમેન્ટ માટે રૂ.9.96 લાખ, ફર્નિચર માટે રૂ.13.24 લાખ, કમ્પાઉન્ડ વોલ માટે રૂ.4.78 લાખ અને ઈલેક્ટ્રિકલ કામ માટે રૂ.23.72 લાખનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

GST અને કન્ટીજન્સી ચાર્જ સહિત સમગ્ર પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ રૂ.2,42,38,442 રાખવામાં આવ્યો છે. લાઈબ્રેરીનું નિર્માણ આધુનિક આર્કિટેક્ચરલ ડિઝાઈન મુજબ કરવામાં આવશે જેમાં વધુ હવા અને પ્રકાશ માટે ખુલ્લા વિસ્તારો અને કુદરત સાથે જોડાતું સેન્ટ્રલ કોર્ટયાર્ડ પણ બનાવવામાં આવશે.

નંદેસરી જીઆઈડીસીની કંપનીના કર્મીઓને છુટા કરી દેવાતા રોષ

લખન દરબારની અટકાયત કરાતા કર્મચારીઓની આંદોલન કરવાની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.5

નંદેસરી જીઆઈડીસીમાં આવેલી ખાનગી કંપની દ્વારા કર્મચારીઓને અચાનક છુટા કરી દેવામાં કંપની સામે ભારે રોષ ફેલાયો હતો. જેથી કર્મચારીઓએ લખન દરબારને રજૂઆત કરી હતી. જેથી આ કામદારોના નેતા રજૂઆત કરવા જાય તે પહેલા તેમની અટકાયત કરાઈ હતી. જેથી કર્મચારીઓ જ્યાં સુધી તેમને છોડાય નહી ત્યાં સુધી આંદોલનક રવાની ચીમકી ઉચ્ચારી હતી.

વડોદરા શહેર નજીક આવેલી નંદેસરી જીઆઈડીસીમાં આવેલી ઓરિએન્ડલ એરોમેટિક કંપનીમાં ઘણા કર્મચારીઓ નોકરી કરતા હતા. પરંતુ ગરીબ મધ્યમ વર્ગના કર્મચારીઓ કંપની સત્તાધીશો દ્વારા જોહુકમી પૂર્વક નિર્ણય લઈને તેમને અચાનક છુટા કરી દેવામાં આવ્યાં હતા. જેના કારણે કર્મચારીઓ અત્યંત દુખી થઈ ગયાં હતા અને સદાય કંપનીના કર્મચારીઓની પડખે રહેતા સામાજિક કાર્યકર્તા અને કામદારોના નેતા આગેવાન અધ્યક્ષ લખન દરબારને મળ્યાં હતા. જેથી આ લખન દરબાર દ્વારા કંપનીના કર્મચારીઓ સમર્થનમાં આવ્યાં હતા અને કંપની સામે રજૂઆત કરવા માટે જઈ રહ્યાં હતા. તે દરમિયાન પોલીસ દ્વારા લખન દરબારની રસ્તા વચ્ચેથી અટકાયત કરી લેવામાં આવી હતી જેના કારણે કંપનીના કર્મચારીઓ રોષે ભરાયા હતા અને મોટી સંખ્યામાં કર્મચારીઓ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યાં હતા અને જ્યાં સુધી લખન દરબારને છોડવામાં નહી આવે ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં ધામા નાખવા સાથે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

માંજલપુર વ્રજધામમાં ભક્તિનો ગુલાલ

પ.પૂ. વ્રજરાજકુમારના સાનિધ્યમાં દેશ-વિદેશના હજારો વૈષ્ણવો હોળીના રંગે રંગાયા

વૈષ્ણવાચાર્ય 108 વ્રજરાજકુમાર મહોદયની નિશ્રામાં ભવ્ય હોળી પર્વની ઉજવણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

વડોદરાના માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે હોળીના પર્વની અત્યંત ઉત્સાહભેર અને ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. પરમ પૂજ્ય વૈષ્ણવાચાર્ય 108 વ્રજરાજકુમાર મહોદયના મંગલ આશીર્વાદ અને સાનિધ્યમાં આયોજિત આ મહોત્સવમાં ભક્તિનો અનોખો રંગ જોવા મળ્યો હતો. આ હોળી ઉત્સવમાં માત્ર વડોદરા જ નહીં, પરંતુ દેશ અને વિદેશના ખૂણેખૂણેથી હજારોની સંખ્યામાં વૈષ્ણવો વ્રજધામ ખાતે ઉમટી પડ્યા હતા. સમગ્ર સંકુલ જય શ્રીકૃષ્ણ અને રાધે-રાધે ના નાદથી

ગુંજી ઉઠ્યું હતું. અબાલ-વૃદ્ધ સૌ કોઈ ઠાકોરજીના ભક્તિભાવમાં તરબોળ થઈ ગુલાલની છોળો વચ્ચે આનંદિત થયા હતા. આ પ્રસંગે વડોદરાના સાંસદ હેમાંગ જોશી તથા સયાજીગંજના ધારાસભ્ય કેયુર રોકડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પણ આ પાવન અવસરે આશીર્વાદ મેળવ્યા હતા અને નગરજનોને હોળીના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. વ્રજધામમાં હોળીની ઉજવણી એ માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ ભક્તિ અને સમર્પણનો ઉત્સવ છે. હજારો કિલો ગુલાલથી આખું પરિસર રંગીન બની ગયું હતું. પૂજ્ય વ્રજરાજકુમારજીના વચનામૃત અને ભક્તિ સંગીતે વાતાવરણમાં દિવ્યતા ભરી દીધી હતી. વિવિધ દેશોના શ્રદ્ધાળુઓએ સાથે મળીને ભારતીય સંસ્કૃતિ અને પુષ્ટિમાર્ગીય પરંપરાના દર્શન કરાવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શહેરમાં વિશેષ ઉજવણી કરાશે

સર્વે મહિલા સંગીત સમૂહ દ્વારા સ્વર શક્તિ કાર્યક્રમનું આયોજન :

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

એક મહત્વપૂર્ણ સાંસ્કૃતિક પહેલ તરીકે શહેરમાં વ્યાવસાયિક તમામ મહિલા સંગીતકારોના સમૂહની શરૂઆત થવા જઈ રહી છે. આગામી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ-૮મી માર્ચના અવસરે સ્વર શક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ ખાતે યોજાશે અને જનતા માટે નિઃશુલ્ક ખુલ્લો રહેશે.

ભારતીય સંગીત પરંપરામાં મહિલાઓના અમૂલ્ય યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે રચાયેલ સ્વર શક્તિ કાર્યક્રમમાં શાસ્ત્રીય ગાયન, ગઝલ, લોકસંગીત, સુગમ સંગીત, વાદ્યસંગીત તેમજ આધુનિક સંગીત શૈલીઓ જેવી વિવિધ પરંપરાઓને ઉજાગર કરવામાં આવશે. આ

સંગીત સમૂહમાં વડોદરાની 15 થી 50 વર્ષથી વધુ ઉંમરની પ્રતિભાશાળી યુવતીઓ અને મહિલાઓ જોડાઈ છે. આ પહેલનું નેતૃત્વ અશીતા અને સચિન લીમયે દ્વારા કરવામાં આવ્યું છે. તેમનો વિચાર પ્રતિષ્ઠિત મંચો પર પ્રદર્શન આપી શકે અને વડોદરાનું પ્રતિનિધિત્વ કરી શકે એવું એક વ્યાવસાયિક સર્વ મહિલા બેન્ડ તૈયાર કરવાનો છે. આ કલાકારો વિવિધ બેકગ્રાઉન્ડમાંથી આવે છે જેમાં વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ અને કામકાજ કરતી મહિલાઓનો સમાવેશ થાય છે. તેઓ ભારતીય શાસ્ત્રીય તેમજ આધુનિક સંગીતમાં તાલીમ પ્રાપ્ત કરી છે. કાર્યક્રમ દરમિયાન હાર્મોનિયમ, તબલા, ઢોલ અને વાયોલિન જેવા પરંપરાગત વાદ્યો સાથે વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરશે.

અખિલ હિંદ મહિલા પરિષદ, વડોદરા શાખાની વર્ષ 2026-2028 ની ચૂંટણી યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.5

અખિલ હિંદ મહિલા પરિષદ, વડોદરા શાખા દ્વારા વર્ષ 2026 થી 2028 ના આગામી કાર્યકાળ માટે હોદ્દેદારો તેમજ કારોબારી સમિતિની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના તમામ આજીવન સભ્ય બહેનોને આ અંગે નોંધ લેવા અને નિયત સમયમર્યાદામાં ફોર્મ મેળવી લેવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

ચૂંટણીમાં રસ ધરાવતા ઉમેદવારોએ તારીખ :- 9 અને 10 માર્ચ, 2026ના રોજ બપોરે 3:00 થી 5:00 વાગ્યા સુધી અખિલ હિંદ મહિલા પરિષદની ઓફિસ, પિરામિતાર રોડ, કીર્તિસ્તંભ પાસે, નેહરુભવનની સામે, રાજમહેલ રોડ, વડોદરા ખાતે મેળવી લેવા માટે અખિલ હિંદ મહિલા પરિષદ વડોદરા શાખાના પ્રમુખ પારુલબેન વાઘેલીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

બિલિયન લાઇવ્સ ફાઉન્ડેશન દ્વારા આયોજન

'આરોહણ' પ્રોજેક્ટ હેઠળ "ઘર બહાર" સશક્તિકરણ સત્ર યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.5

બિલિયન લાઇવ્સ ફાઉન્ડેશન દ્વારા 'આરોહણ' પ્રોજેક્ટ અંતર્ગત "ઘર બહાર" પહેલ હેઠળ ગૃહિણીઓ માટે વિશેષ સશક્તિકરણ સત્રનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ ગૃહિણીઓમાં આત્મવિશ્વાસ વધારવો, વ્યક્તિત્વ વિકાસ કરાવવો અને તેમને પોતાની આગવી ઓળખ બનાવા માટે પ્રેરિત કરવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત ફાઉન્ડેશનના ફાઉન્ડર અને ડિરેક્ટર કિન્નરી હરિયાણીના પ્રેરણાદાયી સંબોધનથી થઈ હતી. તેમણે 'ઘર બહાર' પહેલનો હેતુ સમજાવતા જણાવ્યું હતું કે મહિલાઓ માત્ર ઘર સુધી સીમિત નથી, પરંતુ સમાજના સર્વાંગી વિકાસમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેમણે મહિલાઓને પોતાની શક્તિઓ ઓળખી આત્મનિર્ભર

અને આત્મવિશ્વાસી બનવા માટે પ્રોત્સાહિત કર્યા.

કાર્યક્રમમાં વિશિષ્ટ વક્તા તરીકે બેહેવિયરલ એક્સપર્ટ અનિકા વ્યાસ અને પર્સનાલિટી તથા ઈમેજ કોચ માહેક શાહ ઉપસ્થિત રહ્યા હતા. અનિકા વ્યાસે ગૃહિણીઓને આત્મમૂલ્ય સમજાવતાં જરૂરી સમયે આત્મવિશ્વાસપૂર્વક "ના" કહેવાની કળા અને માનસિક મજબૂતી માટે માર્ગદર્શન આપ્યું. જ્યારે માહેક શાહે યોગ્ય ડ્રેસિંગ, બોડી લેન્ગ્વેજ અને વ્યક્તિત્વ પ્રસ્તુતિ દ્વારા આત્મવિશ્વાસ કેવી રીતે વિકસિત કરી શકાય તે અંગે માહિતી આપી.

સત્ર દરમિયાન મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના અનુભવો વહેંચ્યા. અંતે યોજાયેલા પ્રશ્નોત્તરી સત્રમાં મહિલાઓએ ખુલ્લા મનથી પ્રશ્નો પૂછ્યા અને ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું. 'આરોહણ' પ્રોજેક્ટ દ્વારા બિલિયન લાઇવ્સ ફાઉન્ડેશન મહિલાઓના સશક્તિકરણ માટે સતત કાર્યરત છે.

તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ 24મીએ યોજાશે

૧૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં અરજદારોએ સંબંધિત મામલતદારને પ્રશ્નો મોકલી આપવા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા જિલ્લાના તાલુકા દીઠ મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળનો "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ "યોજાવામાં આવનાર છે. વડોદરા જિલ્લાના અરજદારોની રજૂઆતોના સરળ નિરાકરણ અર્થે મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળના "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમની મળેલ સફળતા પછી નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાએ પ્રજાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાનો કાર્યક્રમ તા.૨૪/૦૩/૨૦૨૬ ને ચોથા મંગળવારના રોજ સવારના ૧૧-૦૦ કલાકે તાલુકા સ્વાગત લાયઝન અધિકારીઓની હાજરીમાં યોજાશે.

આ કાર્યક્રમમાં કરજણ તાલુકામાં તાલુકા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ કલેકટર, વડોદરાના અધ્યક્ષસ્થાને,મામલતદાર વડોદરા તાલુકામાં તાલુકા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરાના અધ્યક્ષસ્થાને તથા સિનોર તાલુકામાં તાલુકા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્યના અધ્યક્ષસ્થાને થશે. તો સબંધિત તાલુકાના નાગરિકોએ તેઓના (સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના) પ્રશ્નો લેખિતમાં તા.૧૦/૦૩/૨૦૨૬ સુધીમાં તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રીટની કચેરીઓમાં રૂબરૂમાં રજુ કરવાના રહેશે. અરજી ઉપર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" ના મથાળા હેઠળ એવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. તા.૧૦/૦૩/૨૦૨૬ સુધીમાં મળેલ અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે, એમ નિવાસી અધિક કલેક્ટરશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.

નવાયાર્ડમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં 501 કન્યાઓ દ્વારા કળશ યાત્રા યોજાશે

ભારત માતાના મંદિરનું ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે અનાવરણ કરાશે

ખાટુશ્યામજી અને સાવરિયા શેઠના મંદિરો સાથે સનાતન ધર્મની ભવ્ય મંદિર શ્રૃંખલાનું નિર્માણ

(પ્રતિનિધિ) વડોદરા. તા.5

વડોદરા શહેરના ડી. કેબિન રેલ્વે કોલોની, નવાયાર્ડ સ્થિત રામેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં એક અભૂતપૂર્વ ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવની વિશેષતા એ છે કે અહીં શિવભક્તો માટે શિવાલય, શક્તિ ઉપાસકો માટે અંબે માનું મંદિર અને વૈષ્ણવ ભક્તો માટે રામ દરબાર, ખાટુશ્યામજી અને સાવરિયા શેઠના મંદિરોનું નિર્માણ કરી 'પંચાયતન પૂજા' ના મહત્વને ચરિતાર્થ કરવામાં આવ્યું છે. આગામી તા. 06.03.2026 ના રોજ સવારે 501 કન્યાઓ અને મહિલાઓ પરંપરાગત વેશભૂષામાં કળશ યાત્રા

કાઢશે. વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર અને શંખનાદ સાથે શાસ્ત્રોક્ત વિધિથી આ યાત્રાનો પ્રારંભ થશે. ઢોલ-નગારા, બેન્ડવાજા અને સાઉન્ડ સિસ્ટમ સાથે આ યાત્રા રામેશ્વર મહાદેવ મંદિરથી નીકળી ફુલવાડી, ટીપી-13, પાણીની ટાંકી, અમરનગર થઈને પરત મંદિર પરિસરે પહોંચશે. આ યાત્રામાં ગુજરાતના ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી ખાસ ઉપસ્થિત રહી ભારત માતાની મૂર્તિનું અનાવરણ કરશે અને દેશભક્તિનો સંદેશ આપશે. શનિવાર, તા. 07.03.2026 ના રોજ સવારે 07:00 વાગ્યાથી વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી ખાટુશ્યામ અને સાવરિયા શેઠની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. આ પ્રસંગે સાંજે 05:00 વાગ્યે ભવ્ય ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જાણીતા ગાયક કલાકારો ભક્તિરસ પીરસશે. આ પ્રસંગે વડોદરાના પ્રભારી મંત્રી મનીષાબેન વકીલ, સાંસદ હેમાંગ જોશી, ધારાસભ્યો અને શહેરના અનેક અગ્રણીઓ હાજર રહેશે. ઉપરાંત, ઈસ્કોન મંદિર, સ્વામિનારાયણ મંદિર અને જૈન દિગંબર સંતો સહિત વિવિધ સંપ્રદાયના સંતો આશીર્વાદ પાઠવવા પધારશે. મંદિરના સંયોજક એ.કે. શર્માએ તમામ ધર્મપ્રેમી જનતાને આ મહોત્સવનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિક માટે અરજીઓ મંગાવાઈ

તા. ૩૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં ફોર્મ જમા કરવા અનુરોધ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ નિયામક ખાતા દ્વારા વર્ષ ૨૦૨૫ ના 'રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિક' એનાયત કરવામાં આવનાર છે. આ પારિતોષિક માટે વિવિધ કેટેગરીમાં યોગ્યતા ધરાવતા ઉમેદવારો અને સંસ્થાઓ પાસેથી આગામી તા. ૩૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવી છે.

પારિતોષિક માટેની મુખ્ય કેટેગરીઓ નીચે મુજબ છે:

૧. શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારી

૨. સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિ

૩. દિવ્યાંગોને નોકરીએ રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતા

૪. દિવ્યાંગોને રોજગારી અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર પ્લેસમેન્ટ ઓફિસર

રસ ધરાવતા અરજદારો નિયત નમૂનાનું અરજી ફોર્મ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in/notice-board પરથી ડાઉનલોડ કરી શકશે. આ ઉપરાંત, મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, આઈ.ટી.આઈ. તરસાલી કેમ્પસ, વડોદરા ખાતેથી પણ વિનામૂલ્યે મેળવી શકાશે.

કર્મચારી અને સ્વરોજગાર કેટેગરીમાં ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ અરજી કરી શકશે. અરજદારે શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્રો, આધાર કાર્ડ, છેલ્લા ત્રણ માસનું દિવ્યાંગતા પ્રમાણપત્ર, પોલીસ વેરિફિકેશન અને પોસ્ટ કાર્ડ સાઈઝના ૩ ફોટા (ખોડ દર્શાવતા) સામેલ કરવાના રહેશે. નોકરીદાતા સંસ્થાએ છેલ્લા ૩ વર્ષમાં રાખેલ દિવ્યાંગ કર્મચારીઓની યાદી, કામનો પ્રકાર અને તા. ૩૧/૧૨/૨૦૨૫ ના રોજ કુલ કર્મચારીઓની સંખ્યા તથા તે પૈકી કુલ દિવ્યાંગ કર્મચારીઓ તથા દિવ્યાંગતાનો પ્રકાર મુજબ દિવ્યાંગતાની કક્ષાવાર આંકડાકીય માહિતી અવશ્ય લખવાની રહેશે.

2000થી વધુ તાલિમાર્થીઓએ ખેલદિલીપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લીધો

ITI તરસાલી ખાતે ત્રિ-દિવસીય 'સ્પોર્ટ્સ વીક'ની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.5

કૌશલ્ય વર્ધન સાથે રમતગમતની ભાવના કેળવવાના હેતુથી ઔદ્યોગિક તાલીમ સંસ્થા , તરસાલી ખાતે તાજેતરમાં વાર્ષિક 'સ્પોર્ટ્સ વીક'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૫/૦૨/૨૦૨૬ થી ૨૭/૦૨/૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ રમતગમત મહોત્સવમાં સંસ્થામાં કાર્યરત ૪૦થી વધુ વિવિધ ટ્રેડના ૨૦૦૦થી વધુ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની ખેલપ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પોર્ટ્સ વીક દરમિયાન વોલીબોલ, ખો-ખો, રસ્સાખેંચ, બેડમિન્ટન, ગોળા ફેંક, સ્લો સાયકલિંગ, સંગીત ખુરશી, ડોઝ બોલ અને કેરમ જેવી વિવિધ મેદાની તથા ઈન્ડોર રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રમતગમત સપ્તાહના સફળ સમાપન નિમિત્તે તા. ૦૨/૦૩/૨૦૨૬ના રોજ સંસ્થા ખાતે એક વિશેષ ઇનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બેંક ઓફ બરોડાના સહયોગથી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત વિજેતા તાલીમાર્થીઓને મેડલ તથા ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના આચાર્ય શ્રી આર. શાસ્ત્રી દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને તાલીમાર્થીઓના જીવનમાં રમતગમતનું મહત્વ સમજાવ્યું હતું.

આ પ્રસંગે આચાર્યશ્રી વાય. વી. પટેલ, બેંક ઓફ બરોડાના પ્રતિનિધિઓ શ્રી મનીષ આનંદ અને શ્રી દુર્ગેશ શુક્લા તેમજ સંસ્થાના યુનિયનના પ્રમુખ શ્રી કે. સી. વસાવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોના હસ્તે વિજેતા ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાનો સ્ટાફગણ અને મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. આ રમતગમત મહોત્સવનું સફળ સંચાલન અને આયોજન સંસ્થાના સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરશ્રીઓ તથા ઓરા સેલિબ્રેશન કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાતના વન્યજીવનને ડિજિટલ ઓળખ આપતું 'WildStreakofnature.com'

વન્ય જીવન પ્રત્યે જાગૃતિ અને સંરક્ષણ માટેનો એક સશક્ત પ્રયાસ

આ વેબ પોર્ટલ ઉપર ગુજરાતના જંગલો, અભ્યારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો, પ્રાણી-પક્ષીઓ, વનસ્પતિ અને પર્યાવરણ જેવા વિષયોને આવરી લેતી ફોટોગ્રાફ્સ સાથેની સુંદર માહિતી રજુ કરાઈ છે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

કુદરતનું અમૂલ્ય ઘરેણું એટલે વનરાજી અને વન્યજીવન. આ અણમોલ વારસાને સમજવાનો, અનુભવવાનો અને સમાજ સુધી પહોંચાડવાના અભિગમ સાથે જંગલ પ્રત્યેની જિજ્ઞાસા, વન્યજીવનની અણકહી વાતો અને સંરક્ષણના મહત્વને લોકો સમક્ષ ઉજાગર કરવાના હેતુ સાથે ગુજરાતની અનોખી વેબ પોર્ટલ www.wildstreakofnature.com ની શરૂઆત કરવામાં આવી છે.

આજના ઝડપથી વધી રહેલા શહેરીકરણ અને ઔદ્યોગિક વિકાસના યુગમાં કુદરત અને વન્યજીવન પ્રત્યેની સંવેદનશીલતા જાળવવી એ એક મોટો પડકાર બની ગયો છે. ગુજરાત, ભારતની વ્યાપાર રાજધાની તરીકે ઓળખાતા ગુજરાતમાં વિકાસની સાથે-સાથ સમૃદ્ધ અને વૈવિધ્યસભર વન્યજીવનની પણ ચિંતા કરવામાં આવે છે ગુજરાતની વન્યજીવન રૂપી કુદરતી ધરોહરને ડિજિટલ માધ્યમ દ્વારા લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ એટલે 'Wild Streak of Nature'.

'Wild Streak of Nature' એ વન્યજીવન અને સામાન્ય જનતા વચ્ચેના અંતરને ઘટાડવાનો એક સશક્ત પ્રયાસ કર્યો છે. આજના ડિજિટલ યુગમાં લોકો માહિતી માટે ઈન્ટરનેટ પર વધુ નિર્ભર છે તેવા સમયે આ વેબ પોર્ટલ ઉપર ગુજરાતના જંગલો, અભ્યારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો, પ્રાણી-પક્ષીઓ, વનસ્પતિ અને પર્યાવરણ જેવા વિષયોને આવરી લેતી ફોટોગ્રાફ્સ સાથેની સુંદર માહિતી રજુ કરવામાં આવી રહી છે.

સાચવવા લાયક વારસા તરીકે લોકોમાં સમજ વિકસાવવી એ 'Wild Streak of Nature' નું મુખ્ય કાર્ય

આ પહેલનો અંતિમ હેતુ માત્ર માહિતી આપવાનો નથી, પરંતુ લોકોની વિચારસરણી બદલવાનો છે. વન્યજીવનને માત્ર જોવા માટેના સ્થળ તરીકે નહીં, પરંતુ સાચવવા લાયક વારસા તરીકે લોકોમાં સમજ વિકસાવવી એ 'Wild Streak of Nature' નું મુખ્ય કાર્ય છે. 'Wild Streak of Nature' ગુજરાતના વન્યજીવન માટે માત્ર એક ડિજિટલ પ્લેટફોર્મ નહીં, પરંતુ કુદરત સાથે ફરી જોડાવાનો એક સશક્ત પ્રયાસ છે – જે લોકોને કોંક્રિટના જંગલથી બહાર લઈ જઈને સાચા જંગલની અનુભૂતિ કરાવે છે.

આ પોર્ટલ પર વન્યજીવન સંબંધિત વિગતવાર અને સંશોધન આધારિત લેખો, ફીલ્ડ રિપોર્ટ્સ અને અનુભવ કથાઓ, ફોટોગ્રાફિક સ્ટોરીઝ, વિવિધ પ્રજાતિઓનો પરિચય તથા તેના સંરક્ષણ માટેના પ્રયાસોની સાથે વન્યજીવન સંરક્ષણ પાછળ કાર્યરત વ્યક્તિઓને યોગ્ય ઓળખ અને સન્માન મળે તેવા ઉદ્દેશથી ગ્રાઉન્ડ લેવલ પર કાર્યરત વનવિભાગના કર્મચારીઓ, ટ્રેકર્સ, સંશોધકો, કુદરત પ્રેમીઓ અને ફોટોગ્રાફર્સની પ્રેરણાદાયી કહાણીઓ પણ રજૂ કરવામાં આવે છે.

'wildstreakofnature.com' ની ટીમ દ્વારા ગુજરાતના અનેક વન્યજીવન વિસ્તારોમાં રિપોર્ટિંગ, અવલોકન અને વન્યજીવન ફોટોગ્રાફી કરી તેને ડીઝીટલ ઓળખ આપી છે. તેથી જ આ પોર્ટલ ઉપર રજૂ થતી માહિતી એ માત્ર પુસ્તકના જ્ઞાન આધારિત નહીં, પરંતુ અનુભવ અને વાસ્તવિકતા સાથે જોડાયેલી રહી છે.

''વન્યજીવન અંગેની સાચી, સ્પષ્ટ અને વિસ્તૃત માહિતી લોકો સુધી પહોંચશે તો જાગૃતિ વધશે અને આ જાગૃતિ જ લોકોને વન્ય જીવનના સંરક્ષણ તરફ દોરી જશે'' એવી મજબૂત માન્યતા સાથે 'Wild Streak of Nature' ની ટીમ દ્વારા કાર્ય કરવામાં આવી રહયું છે. આ ઉપરાંત આગામી દિવસોમાં ગુજરાતમાં આવેલા ગીર, વેળાવદર બ્લેકબક નેશનલ પાર્ક, નળસરોવર, બન્ની ઘાસના મેદાનો, પાવાગઢ સહિતના સમૃદ્ધ વન્ય સ્થળોને ધ્યાને લઈ રાજ્યના આ વન્યજીવન વારસાને એક મજબૂત ડિજિટલ ઓળખ મળી રહે સાથો સાથ આ પોર્ટલ થકી પ્રવાસીઓ માટે માર્ગદર